1. વિકાસ એક કામ 15 દિવસમાં પૂરું કરે છે. કામ શરૂ કર્યા બાદ 5 દિવસ પછી તે કામ છોડી દે છે. બાકીનું કામ કાર્તિક 12 દિવસમાં પૂરું કરે છે. તો કાર્તિક એકલો આખું કામ કેટલા દિવસમાં પૂરું કરશે ?

(A) 14 દિવસ (B) 18 દિવસ (C) 22 દિવસ (D) 28 દિવસ

2. અતિશયોક્તિ - સંધિ વિગ્રહ કરો.

(A) અતિશય + ઉક્તિ (B) અતીશય + ઉક્તિ (C) અતિશય + ઊક્તિ (D) અતિશય + ઓક્તિ

3. એક છોકરો 20 કિ.મી./કલાકની ઝડપે ચાલતાં તેની શાળાએ 15 મિનિટ મોડો પહોંચે છે. બીજી વખત તે તેની ઝડપ 4 કિ.મી./કલાકથી વધારે છે, છતાં પણ તે 5 મિનિટ મોડો પહોંચે છે. તેની શાળાનું તેના ઘરથી અંતર શોધો.

(A) 20 કિ.મી. (B) 25 કિ.મી. (C) 18 કિ.મી. (D) 16 કિ.મી.

4. P ના પિતાના ભાઈ કોણ છે?

I. P એ L નો ભાઈ છે, L એ Q ની પુત્રી છે, Q એ N ની બહેન છે, N એ S નો ભાઈ છે.

II. M, K નો ભાઈ છે, K, L નો પતિ છે, L, G ની માતા છે, G, P ની બહેન છે.

(A) એકલા વિધાન I માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે એકલા વિધાન II માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

(B) એકલા વિધાન II માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે એકલા વિધાન I માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

(C) એકલા વિધાન I માં અથવા એકલા વિધાન II માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

(D) બંને વિધાનમાં આપેલ માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

5. મહેશની બહેન મેહુલની પત્ની છે. મેહુલ, કાવ્યાનો ભાઈ છે. મેહુલના પિતા વિવેક છે. ગીતા, મેહુલની દાદી છે. રાધા, ગીતાની એકમાત્ર પુત્રવધુ છે. ધનશ્યામ, કાવ્યાના એકમાત્ર ભાઈનો પુત્ર છે. તો મહેશને ધનશ્યામ શું થાય?

(A) ભાણેજ (B) પુત્ર (C) પૌત્ર (D) ભત્રીજો

6. સુરજની હાલની ઉંમર તેના પિતાની હાલની ઉંમરના 1/3 જેટલી છે. 5 વર્ષ પહેલાં સુરજના પિતાની તે સમયની ઉંમર સુરજના દાદાની તે સમયની ઉંમર કરતાં અડધી હતી. જો 3 વર્ષ પછી સુરજના દાદાની ઉંમર 88 વર્ષ થવાની હોય, તો હાલમાં સુરજની ઉંમર કેટલાં વર્ષ હશે ?

(A) 15 (B) 16 (C) 18 (D) આપેલ પૈકી કોઈપણ નહીં

7. કેતન, કૌશલ કરતાં પાંચ વર્ષ મોટો છે અને કૌશલ, કિરીટ કરતાં ઉંમરમાં ત્રણ ગણો મોટો છે. આ સંજોગોમાં ત્રણેયની ઉંમરનો સરવાળો 47 વર્ષ છે. તો કેતનની ઉંમર કેટલી હશે ?

(A) 6 (B) 18 (C) 23 (D) 29

8. નીચે આપેલ આકૃતિનાં દર્પણ પ્રતિબિંબ આપેલ વિકલ્પ માંથી પસંદ કરો.



(A)

(B) 

(C)

(D)

9. રૂઢિપ્રયોગ અને અર્થનું કયું જોડકું સાચું છે ?

(A) ઊજળો દહાડો – ચડતીનો સમય
(B) ઊંચો શ્વાસ - નિરાંત વિનાની સ્થિતિ
(C) ઉચાળા ભરવા – ઘરવખરી લઈ ચાલતા થવું
(D) આપેલ તમામ

10. શબ્દસમૂહ માટે એક શબ્દ : પતિપુત્રવાળી સુખી સ્ત્રી .....?

(A) પુરંધ્રિ
(B) પુલકિત
(C) પ્રાંલજ
(D) પ્રધમી

11. ચાર મિત્રો W, X, Y અને Z કેન્દ્ર તરફ મુખ રાખીને વર્તુળની આસપાસ બેઠેલા છે, પરંતુ તે જ ક્રમમાં હોય તે જરૂરી નથી. જો Y ની ડાબી બાજુથી ગણવામાં આવે તો શું કોઇ વ્યક્તિ Y અને Z ની બરાબર વચ્ચે બેઠેલું છે ?

I. X, Y ની તાત્કાલિક જમણી બાજુએ બેસે છે.

II. X એ W ની તાત્કાલિક ડાબી બાજુએ બેસે છે. Z એ X નો તાત્કાલિક પડોશી નથી.

(A) એકલા વિધાન I માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે એકલા વિધાન II માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

(B) એકલા વિધાન II માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે એકલા વિધાન I માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

(C) એકલા વિધાન I માં અથવા એકલા વિધાન II માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

(D) બંને વિધાનમાં આપેલ માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

12. 'ખ' એ 'ક' નો ભાઈ છે. 'ક' એ 'ગ' નો પતિ છે. 'ઘ' એ 'ગ' નો પુત્ર છે. 'ચ' એ 'ઘ' નો ભાઈ છે. તો 'ખ' એ 'ચ' ને શું થાય?

(A) કાકા
(B) પિતરાઈ ભાઈ
(C) પુત્રી
(D) પુત્ર

13. Which is the antonym of Chaotic?

(A) Disorderly
(B) Confused
(C) Organized
(D) Messy

14. જેમની ઉંમર 19 - 36 મહિનાની છે તેવાં 364 બાળકોનું સર્વેક્ષણ કરવામાં આવ્યું. 91 બાળકો બટાકાની વેફર ખાવાનું પસંદ કરે છે તેમ જાણવા મળ્યું. જો એક બાળકની યાદૃચ્છિક પસંદગી કરતાં, તે બટાકાની વેફર ખાવાનું પસંદ ન કરે તેની સંભાવના ..... છે.

(A) 0.25
(B) 0.50
(C) 0.75
(D) 0.80

15. P 75% કિસ્સાઓમાં સાચું બોલે છે અને Q 80% કિસ્સાઓમાં સાચું બોલે છે. તો એક જ ઘટનાનું વર્ણન કરતી વખતે, કેટલા ટકા કિસ્સાઓમાં તેઓ પરસ્પર વિસંગત મંતવ્ય આપે તેની સંભાવના છે?

(A) 5 % (B) 15 % (C) 35 % (D) આપેલ પૈકી કોઈપણ નહીં

16. Gabbar said "I do not wish to see any of you, go away" (Turn into indirect speech)

(A) Gabbar told that he doesn't wish to see any of them and ordered to go away.

(B) Gabbar told he didn't wish to see them of them and ordered to go away.

(C) Gabbar told that he didn't wish to see any of them and ordered them to go away.

(D) Gabbar told that he didn't wish to see any of them and ordered to went away.

17. 5 વર્ષ પહેલાં કલ્પેશ અને અલ્પેશની ઉંમરનો ગુણોત્તર 3 : 4 છે અને 5 વર્ષ બાદ તેમની ઉંમરનો ગુણોત્તર 4 : 5 થાય છે. તો કલ્પેશની હાલની ઉંમર કેટલી હશે ?

(A) 40 (B) 45 (C) 35 (D) 50

18. Give synonym of: "Barbarous"

(A) Barber (B) Savage (C) Labourous (D) Ambitious

19. પ્રારંભિક બિંદુના સંદર્ભમાં X કઈ દિશામાં છે ?

I. X એ 20 મીટર ચાલીને જમણો વળાંક લીધો અને 30 મીટર ચાલ્યો ફરી જમણો વળાંક લીધો અને પશ્ચિમ તરફ 20 મીટર ચાલ્યો.

II. X એ 30 મીટર ચાલીને ડાબો વળાંક લીધો અને 20 મીટર ચાલ્યો ફરીથી ડાબો વળાંક લીધો અને પૂર્વ તરફ 30 મીટર ચાલ્યો.

(A) એકલા વિધાન I માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે એકલા વિધાન II માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

(B) એકલા વિધાન II માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે એકલા વિધાન I માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

(C) એકલા વિધાન I માં અથવા એકલા વિધાન II માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

(D) બંને વિધાનમાં આપેલ માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

20. પાંચ વ્યક્તિઓ V, W, X, Y અને Z ગોળાકાર ટેબલની આસપાસ બેઠા છે. તેમાંથી કેટલાકના મુખ કેન્દ્ર તરફ છે જ્યારે અન્યના મુખ કેન્દ્રની બહારની તરફ છે. V ની ડાબી બાજુએ બીજા સ્થાને કોણ બેઠું છે?

I. W નું મુખ કેન્દ્રની બહારની તરફ છે. X, W ની તાત્કાલિક ડાબી બાજુએ છે. Y, X ની જમણી બાજુએ બીજા સ્થાને છે. V, Z ની તાત્કાલિક ડાબી બાજુએ છે.

II. Y, V ની તાત્કાલિક જમણી બાજુએ છે. Y અને V બંને કેન્દ્ર તરફ મુખ રાખે છે. Y અને W એકબીજાના નજીકના પડોશીઓ છે.

(A) એકલા વિધાન I માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે એકલા વિધાન II માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

(B) એકલા વિધાન II માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે એકલા વિધાન I માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

(C) એકલા વિધાન I માં અથવા એકલા વિધાન II માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

(D) બંને વિધાનમાં આપેલ માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે જરૂરી છે.

21. Select single word for the following phrase :

"A place where pre- school children are looked after while their parents are at work"

(A) Observatory (B) Creche (C) Corporate (D) Arsenal

22. અજય અને પ્રવીણ અનુક્રમે રૂ. 50,000 અને રૂ. 75,000 ની મૂડી રોકી એક ફેક્ટરી શરૂ કરે છે. ચાર મહિના પછી કેવલ રૂ. 1,00,000 રોકીને ફેક્ટરીમાં તેમનો ભાગીદાર બને છે. જો વાર્ષિક નફો રૂ. 69,000 મળે, તો પ્રવીણને નફામાંથી કેટલી રકમ મળે?

(A) રૂ. 46,000 (B) રૂ. 18,000 (C) રૂ. 25,000 (D) રૂ. 27,000

23. એક વેપારી પોતાની ચીજવસ્તુઓ પર ખરીદ કિંમતથી 10% વધારે કિંમત દર્શાવે છે. જો તે પોતાના ગ્રાહકોને આ છાપેલ કિંમત પર 10% વટાવ આપે તો તેને કેટલા ટકા નફો કે ખોટ થશે ?

(A) 1% ખોટ (B) 1 % નફો (C) 5 % નફો (D) 5% ખોટ

24. એક સ્ત્રીની ઓળખ આપતાં મહેશે કહ્યું "તેની માતા એ મારા સાસુની એકની એક પુત્રી છે." તો મહેશનો એ સ્ત્રી સાથે શો સંબંધ હશે ?

(A) પિતા (B) પિતરાઈ (C) ભાઈ (D) કાકા

25. અમુક અંતર કાપવા માટે A અને B ની ઝડપોનો ગુણોત્તર 2 : 3 છે. નિયત સ્થાન પર પહોંચવા માટે A ને B કરતાં 15 મિનિટ વધારે લાગે છે. તો નિયત સ્થાન પર પહોંચવા B ને કેટલો સમય લાગે ?

(A) 30 મિનિટ (B) 20 મિનિટ (C) 25 મિનિટ (D) 45 મિનિટ

26. બે કારીગરો A અને B ને એક કામ કરવા રોકવામાં આવે છે. જો A એકલો કામ કરે તો તેને તેઓ બંને સાથે કામ કરે તેના કરતાં 8 કલાક વધારે લાગે છે. તથા જો B એકલો કામ કરે તો તેને તેઓ બંને સાથે કામ કરે તેના કરતાં 4.5 કલાક વધારે લાગે છે. તો બંનેને સાથે કામ પૂર્ણ કરતાં કેટલો સમય લાગશે ?

(A) 3 કલાક (B) 4 કલાક (C) 6 કલાક (D) આપેલ પૈકી કોઈપણ નહીં

27. નીચે આપેલ કહેવતનો સાચો અર્થ આપો.

"બોડીને તાં વળી કાંહડી કેવી ?"

(A) માથે વાળ ન હોય તેની પાસે કાંસકી ન હોય ? (B) રંકની પાસે વાળ ઓળવા કાંસકી ક્યાંથી હોય?

(C) કાંસકી ખરીદવા પૈસા ક્યાંથી કાઢવા ? (D) જેની પાસે ખાવાનું ન હોય એવા ગરીબ પાસે સાધન ક્યાંથી હોય?

28. એક ટ્રેનની લંબાઈ અને એક સ્ટેશનની પ્લેટફોર્મની લંબાઈ સરખી છે. ટ્રેનની ઝડપ 90 કિ.મી./કલાક છે. જો ટ્રેન તે સ્ટેશનનું પ્લેટફોર્મ પસાર કરતાં 30 સેકન્ડનો સમય લેતી હોય, તો પ્લેટફોર્મની લંબાઈ કેટલા મીટર હશે ?

(A) 300 (B) 350 (C) 375 (D) 400

29. આપેલ શબ્દનો સમાનાર્થી શબ્દ જણાવો : જમાલ

(A) વાક્છટા (B) શૌર્યગાન (C) સૌંદર્ય (D) વાણી-વિલાસ

30. ભારત એક કામ 6 દિવસમાં અને મહેશ તે જ કામ 8 દિવસમાં પૂરું કરી શકે છે. તે બંનેને સાથે તે કામ સોંપવામાં આવે છે. જો તેઓ વિશાલની મદદથી તે કામ 3 દિવસમાં પૂર્ણ કરે, તો વિશાલને તે કામ કરતા કેટલો સમય લાગશે ?

(A) 22 દિવસ (B) 24 દિવસ (C) 32 દિવસ (D) 36 દિવસ

31. 5 પુરુષો અને 3 સ્ત્રીઓમાંથી એક પાંચ સભ્યોનું ડેલિગેશન એવી રીતે બનાવવાનું છે કે ચોક્કસ બે સ્ત્રીઓ હંમેશાં તે ડેલિગેશનમાં સમાવેશ પામે, તો કેટલી રીતે આ ડેલિગેશન બનાવી શકાશે ?

(A) 120 (B) 42 (C) 54 (D) આપેલ પૈકી કોઈપણ નહીં

(પ્રશ્ન નં. 32 થી 37) : આપેલ આકૃતિમાં, શિક્ષિત માટે વર્તુળ, મહેનતુ માટે ચોરસ, શહેરી માટે ત્રિકોણ અને પ્રામાણિક લોકો માટે લંબચોરસ આકૃતિ છે તથા આકૃતિમાં વિવિધ પ્રદેશોને 1 થી 12 સુધીની સંખ્યા આપવામાં આવી છે. નીચેના પ્રશ્નોમાં સાચો જવાબ પસંદ કરવા માટે આકૃતિનો કાળજીપૂર્વક અભ્યાસ કરો



32. આપેલ આકૃતિમાં શિક્ષિત, મહેનતુ અને પ્રામાણિક છે, પરંતુ શહેરી નથી તેવા લોકોને કઈ સંખ્યા દ્વારા દર્શાવવામાં આવેલ છે?

(A) 2 (B) 8 (C) 9 (D) 13

33. આપેલ આકૃતિમાં મહેનતુ, અશિક્ષિત, અપ્રામાણિક અને શહેરી લોકોને કઈ સંખ્યા દ્વારા દર્શાવવામાં આવેલ છે?

(A) 3 (B) 4 (C) 8 (D) 9

34. આપેલ આકૃતિમાં શિક્ષિત છે પરંતુ પ્રામાણિક, મહેનતુ અને શહેરી નથી તેવા લોકોને કઈ સંખ્યા દ્વારા દર્શાવવામાં આવેલ છે?

(A) 12 (B) 11 (C) 10 (D) 7

35. આપેલ આકૃતિમાં મહેનતુ છે પરંતુ શિક્ષિત, પ્રામાણિક અને શહેરી નથી તેવા લોકોને કઈ સંખ્યા દ્વારા દર્શાવવામાં આવેલ છે?

(A) 9 (B) 10 (C) 11 (D) 12

36. આપેલ આકૃતિમાં શહેરી અને શિક્ષિત છે પરંતુ પ્રામાણિક અને મહેનતુ નથી તેવા લોકોને કઈ સંખ્યા દ્વારા દર્શાવવામાં આવેલ છે?

(A) 2 (B) 4 (C) 6 (D) 9

37. આપેલ આકૃતિમાં શહેરી, શિક્ષિત અને મહેનતુ છે પરંતુ પ્રામાણિક નથી તેવા લોકોને કઈ સંખ્યા દ્વારા દર્શાવવામાં આવેલ છે?

(A) 1 (B) 2 (C) 3 (D) 4

38. X, Y અને Z ત્રણેય સાથે 18 દિવસમાં ₹ 3,240 કમાઈ શકે છે. X અને Z સાથે 10 દિવસમાં ₹ 1,200, જ્યારે Y અને Z સાથે 14 દિવસમાં ₹ 1,820 કમાઈ શકે છે. તો Yની રોજિંદી કમાણી કેટલી હશે ?

(A) ₹ 70 (B) ₹ 60 (C) ₹ 80 (D) ₹ 50

39. સાચી જોડણીનો વિકલ્પ પસંદ કરો.

(A) વિભીષિકા, સધર્મચારીણી, શીરોવેષ્ટન
(B) વિભીશીકા, સધર્મચારીણી, શિરોવેષ્ટન
(C) વિભીશિકા, સધર્મચારીણિ, શીરોવેસ્ટન
(D) વિભીષિકા, સધર્મચારિણી, શિરોવેષ્ટન

40. એક ક્રિકેટ મેચમાં ક્રિકેટર X એ ક્રિકેટર Yના રન કરતાં ત્રણ ગણા રન કરેલ છે. જો બંને મળીને કુલ 180 રન કરે છે, તો ક્રિકેટર X એ કેટલા રન કર્યા હશે ?

(A) 135 (B) 120 (C) 40 (D) 60

41. છ વ્યક્તિઓ A, B, C, D, E અને F કેન્દ્ર તરફ મુખ રાખીને ગોળાકાર ટેબલની આસપાસ બેઠા છે, A ની જમણી બાજુએ બીજા સ્થાને કોણ બેસે છે ?

I. A, F ની જમણી બાજુએ બીજા સ્થાને બેસે છે. A અને D વચ્ચે માત્ર બે લોકો બેસે છે. B એ D કે F નો નજીકનો પાડોશી નથી.

II. A અને F વચ્ચે માત્ર એક જ વ્યક્તિ બેસે છે. F અને B વચ્ચે ફક્ત બે જ લોકો બેસે છે. C એ B નો નજીકનો પાડોશી છે અને F ની ડાબી બાજુએ બીજા સ્થાને બેસે છે.

(A) એકલા વિધાન I માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે એકલા વિધાન II માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

(B) એકલા વિધાન II માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે એકલા વિધાન I માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

(C) એકલા વિધાન I માં અથવા એકલા વિધાન II માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

(D) બંને વિધાનમાં આપેલ માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

42. રાકેશની ઉંમર તેના પિતા વિકાસભાઈ કરતાં 2/5 ગણી છે. 8 વર્ષ બાદ તેની ઉંમર વિકાસભાઈ કરતાં અડધી હશે. તો હાલમાં પિતાની ઉંમર શોધો.

(A) 30 વર્ષ (B) 50 વર્ષ (C) 40 વર્ષ (D) 60 વર્ષ

43. આપેલ શબ્દનો સમાનાર્થી શબ્દ જણાવો : ગંજન

(A) તિરસ્કાર (B) અહોભાવ (C) મનોવ્યથા (D) ક્ષમાપના

44. શબ્દસમૂહ માટે એક શબ્દ જોડકા જોડો.

(A)	રાતું કમળ	1.	પોયણું
(B)	ધોળું કમળ	2.	ઈંદીવર
(C)	ભૂરું કમળ	3.	કોકનદ
(D)	રાત્રે ખીલતું કમળ	4.	કૈરવ

(A) A-4, B-2, C-3, D-1 (B) A-2, B-3, C-1, D-4

(C) A-3, B-1, C-4, D-2 (D) A-3, B-4, C-2, D-1

45. જે માણસ ઈનામ પ્રાપ્ત કરે છે તેને જોઈને કોમલ કહે છે કે, તે મારા કાકાના પુત્રીનો ભાઈ છે. તો તે માણસ અને કોમલ વચ્ચે શું સંબંધ હશે?

(A) પુત્ર (B) ભત્રીજો (C) પિતરાઈ ભાઈ-બહેન (D) સસરા

46. એક છોકરા તરફ જોઈ જીનલે કહ્યું, "તે મારા દાદાના એકમાત્ર સંતાનનો પુત્ર છે." તો તે છોકરો જીનલ સાથે કયો સંબંધ ધરાવે છે?

(A) ભાઈ (B) કાકા (C) પિતરાઈ (D) આપેલ પૈકી કોઈપણ નહીં

47. Find the nearest meaning of "Impetuous"

(A) with hands (B) with marbles (C) with force (D) with stream

48. "દૂધે મેહ વરસવા" રૂઢિપ્રયોગનો અર્થ શું થાય છે?

(A) આનંદ આનંદ થઈ જવો (B) યશસ્વી કાર્ય કરી બતાવવું

(C) ખૂબ ગર્વ હોવો (D) હાજી હા કરવી

49. આ + ઈ = એ આ નિયમ મુજબ નીચેનામાંથી કયો વિકલ્પ જુદો પડે છે ?

(A) મહા + ઈશ = મહેશ (B) ઉમા + ઈશ = ઉમેશ

(C) રમા + ઈશ = રમેશ (D) નર + ઈશ = નરેશ

50. P અને Q, Rના ભાઈઓ છે. Q એ S અને Tનો પુત્ર છે. S એ Uની પુત્રી છે. M એ Tના સસરા છે. N એ Uનો પુત્ર છે. તો Nનો Q સાથે શો સંબંધ છે ?

(A) મામા (B) ભત્રીજી (C) ભત્રીજો (D) કાકા

51. એક વ્યક્તિએ 10% ના નુકસાને એક વસ્તુ વેચી દીધી. જો તેણે તેને 5%ના ફાયદા પર વેચી હોત, તો તેને ₹ 75 વધુ મળ્યા હોત તો 20% લાભ મેળવવા માટે, તેની વેચાણકિંમત કેટલી હોવી જોઈએ ?

(A) ₹ 700 (B) ₹ 660 (C) ₹ 720 (D) ₹ 600

52. આપેલ શબ્દનો સમાનાર્થી શબ્દ જણાવો : રાસભ

(A) ઝીલણ (B) ચિન્માત્ર (C) લંબકર્ણ (D) મુહતાજ

53. એક પિતાની ઉંમર તેના બે પુત્રોની ઉંમરના સરવાળા કરતાં 3 ગણી છે. પાંચ વર્ષ પછી પિતાની ઉંમર બે પુત્રોના ઉંમરના સરવાળા કરતાં બમણી થશે. તો પિતાની હાલની ઉંમર કેટલી હશે ?

(A) 42 વર્ષ (B) 45 વર્ષ (C) 54 વર્ષ (D) 48 વર્ષ

(પ્રશ્ન નં. 54-57) : નીચે આપેલ પાઈ ડાયાગ્રામ 5 જુદાં - જુદાં કારખાનાઓ M, N, O, P અને Q માં ચોખાના ઉત્પાદનની માહિતી અને આપેલ લાઈન ડાયાગ્રામ સંબંધિત કારખાનાઓમાં થયેલ વેચાણની ટકાવારી દર્શાવે છે.

કુલ ઉત્પાદન
3,600 કિગ્રા





54. નીચે પૈકી ક્યા કારખાનામાં ચોખાનું વેચાણ મહત્તમ થયું ?

(A) P (B) N (C) O (D) Q

55. કારખાનાઓ M અને N દ્વારા થયેલ કુલ વેચાણ, કારખાના M દ્વારા થયેલ ઉત્પાદનના કેટલા ટકા છે ?

(A) 108% (B) 112% (C) 120% (D) આપેલ પૈકી કોઈપણ નહીં

56. જો ચોખાની મૂળ કિંમત ₹ 45 પ્રતિકિગ્રા હોય અને કારખાના Q દ્વારા પ્રતિકિગ્રા ચોખા પર મૂળ કિંમતના 20% જેટલો નફો મળ્યો હોય, તો કારખાના Qને થયેલ કુલ નફો કેટલો હશે ?

(A) ₹ 5,256 (B) ₹ 5,346 (C) ₹ 5,404 (D) આપેલ પૈકી કોઈપણ નહીં

57. કારખાનાઓ P અને Q દ્વારા થયેલ કુલ વેચાણ અને કારખાનાઓ Q અને N દ્વારા થયેલ કુલ વેચાણનો ગુણોત્તર કેટલો થશે ?

(A) 51 : 77 (B) 53 : 73 (C) 77 : 51 (D) 77 : 53

58. એક ચોર 10 મીટર/સેકન્ડની ઝડપે દોડે છે. એક પોલીસ તેની પાછળ 10 સેકન્ડ બાદ 12.5 મીટર/સેકન્ડની ઝડપે દોડવાનું શરૂ કરે છે, તો તે ચોરને કેટલા અંતરે પકડી પાડશે ?

(A) 250 મીટર (B) 500 મીટર (C) 750 મીટર (D) આપેલ પૈકી કોઈપણ નહીં

59. ખોટી જોડણીનો વિકલ્પ પસંદ કરો.

(A) કારકિર્દી, રજિસ્ટર, નિમણૂક (B) સુશ્રુષા, દુગર્મ, સર્ટીફીકેટ

(C) ભવિષ્યવેત્તા, ઉજમાળું, વિધાત્રી (D) વિલીન, સાનિધ્ય, વિચલિત

60. Which of the following is not a synonym of "Pious"

(A) Devout (B) Godly (C) Religious (D) Unholy

61. Change the voice : India could have won the last World Cup.

(A) The last World Cup could win India.

(B) The last World Cup could have been won by India.

(C) The last World Cup could be won by India.

(D) India won the last World Cup.

62. P, Q, R અને S માં સૌથી ઊંચું કોણ છે?

I. P એ Q કરતાં ટૂંકો છે, Q એ R અને S કરતાં ઊંચો છે.

II. Q એ P અને R કરતાં ઊંચો છે, જ્યારે S એ P કરતાં ટૂંકો છે.

(A) માત્ર વિધાન I માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પર્યાપ્ત છે, જ્યારે માત્ર વિધાન II માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પર્યાપ્ત નથી.

(B) માત્ર વિધાન II માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પર્યાપ્ત છે, જ્યારે માત્ર વિધાન I માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પર્યાપ્ત નથી.

(C) માત્ર વિધાન I માં આપેલ માહિતી અથવા માત્ર વિધાન II માં આપેલ માહિતી જવાબ આપવા માટે પર્યાપ્ત છે.

(D) બંને વિધાનમાં આપેલ માહિતી એક સાથે પણ પ્રશ્નનો જવાબ આપવા માટે પર્યાપ્ત નથી.

63. ₹ 450 માં કેટલાક દડા ખરીદવામાં આવે છે. જો પ્રત્યેક દડાની કિંમત ₹ 15 જેટલી ઓછી હોત તો તેટલી જ રકમમાં 5 દડા વધારે ખરીદી શકાયા હોત, તો મૂળ કિંમતે કેટલા દડા ખરીદવામાં આવ્યા હશે ?

(A) 5 (B) 10 (C) 15 (D) આપેલ પૈકી કોઈપણ નહીં

64. Aની હાલની ઉંમર Bની હાલની ઉંમર કરતાં 3 ગણી છે. 4 વર્ષ પછી A ની તે સમયની ઉંમર, Bની તે સમયની ઉંમર કરતાં 2.5 ગણી થશે. તો Bની હાલની ઉંમર કેટલી હશે ?

(A) 11 વર્ષ (B) 12 વર્ષ (C) 13 વર્ષ (D) આપેલ પૈકી કોઈપણ નહીં

65. કૌશલ ભરતને કહે છે કે, "જે છોકરો ફૂટબોલ રમી રહ્યો છે તે મારા પિતાના પત્નીની પુત્રીનો નાનો છોકરો છે" તો તે છોકરો કૌશલનો શું થાય?

(A) ભાણો (B) ભાઈ (C) પુત્ર (D) ભાણી

66. વિવેકને 60 કિ.મી.નું અંતર કાપતા વિપુલ કરતાં 2 કલાક વધુ લાગે છે. જો વિવેક પોતાની ઝડપ બમણી કરે, તો તેને તે અંતર કાપતાં વિપુલ કરતાં 1 કલાક ઓછો લાગે, તો વિપુલની ઝડપ કેટલી હશે ?

(A) 8 કિ.મી. / કલાક (B) 12 કિ.મી. / કલાક

(C) 15 કિ.મી. / કલાક (D) આપેલ પૈકી કોઈપણ નહીં

67. "ઉપાલંભ" - શબ્દનો સમાનાર્થી શબ્દ કયો છે ?

(A) તકલીફ (B) આદર (C) ઠપકો (D) આધાર

68. X, Y અને Z ની હાલની ઉંમરનો સરવાળો 180 વર્ષ છે. 12 વર્ષ પહેલાં તેમની ઉંમરનો ગુણોત્તર 1 : 2 : 3 હતો, તો Z ની હાલની ઉંમર કેટલી હશે ?

(A) 66 (B) 72 (C) 84 (D) આપેલ પૈકી કોઈપણ નહીં

69. 12 વર્ષ પહેલાં X અને Yની ઉંમરનો ગુણોત્તર 15 : 13 હતો. 19 વર્ષ પછી તેમની ઉંમરનો ગુણોત્તર 23 : 22 થાય, તો X અને Y ની હાલની ઉંમરનો સરવાળો કેટલો થાય ?

(A) 57 વર્ષ (B) 54 વર્ષ (C) 52 વર્ષ (D) 59 વર્ષ

70. બે સંખ્યાઓનો ગુણોત્તર 5 : 8 છે. જો દરેક સંખ્યામાં 2 ઉમેરવામાં આવે, તો નવો ગુણોત્તર 2 : 3 મળે છે. તો તે સંખ્યાઓ કઈ હશે ?

(A) 8, 4 (B) 10, 16 (C) 10, 18 (D) 12, 16

71. "ઘરે ઘરે ભીખ માંગવી" શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(A) માધુકરી (B) પૂળકા (C) ગજાર (D) ગુટકો

72. Give / Select single word for the following phrase -
"That cannot be conquered"

(A) Inviolable (B) Invincible (C) Indelible (D) Ineffable

73. બે મિત્રો A અને Bને 18 દિવસમાં એક કામ કરવા રોકવામાં આવે છે. જો A એ B કરતાં બમણો કાર્યક્ષમ હોય, તો B એકલો તે કામ કેટલા દિવસમાં કરશે ?

(A) 54 દિવસ (B) 42 દિવસ (C) 66 દિવસ (D) આપેલ પૈકી કોઈપણ નહીં

74. Which is NOT a correct adverb form?

(A) Fast (B) Lately (C) Goodly (D) Quickly

75. જો E, F, G અને H એકબીજાથી પ્રતિબંધક અને વ્યાપક ઘટનાઓ હોય, તો નીચે આપેલ બે સંભાવનાની ગોઠવણો પૈકી કઈ ગોઠવણો શક્ય હોઈ શકે ?

(I) P (E) = 0.36, P (F) = 0.18, P (G) = 0.21, P (H) = 0.25

(II) P (E) = 0.29, P (F) = 0.35, P (G) = 0.16, P (H) = 0.21

(A) બન્ને (I) અને (II) શક્ય છે. (B) (I) શક્ય છે. પણ (II) શક્ય નથી.

(C) (II) શક્ય છે. પણ (I) શક્ય નથી. (D) (I) અને (II) માંથી એક પણ શક્ય નથી.

76. એક કાર માટે પાંચ મહિના માટે પેટ્રોલનો સરેરાશ વપરાશ 90 લિટર હતો અને તે પછીના સાત મહિના સરેરાશ વપરાશ 120 લિટર હતો. તો કાર માટે પેટ્રોલની માસિક સરેરાશ વપરાશ કેટલી હશે ?

(A) 105 લિટર (B) 100 લિટર (C) 110 લિટર (D) 107.5 લિટર

77. Give a single word for : "A person who helps the poor and downtrodden"

(A) Plaintiff (B) Philanthropist (C) Traitor (D) Patriot

78. P, Q, R ખેતરમાં ઘાસ કાપવા માટે અનુક્રમે 36 દિવસ, 54 દિવસ અને 72 દિવસ લે છે. તે ભેગાં મળીને કાર્ય કરે છે. કામ પૂરું થયાના 8 દિવસ પહેલાં P કામ છોડી દે છે અને Q 12 દિવસ પહેલાં કામ છોડી દે છે. તો કેટલા દિવસમાં ઘાસ કાપવાનું કામ પૂરું થશે ?

(A) 24 દિવસ (B) 22 દિવસ (C) 25 દિવસ (D) 21 દિવસ

79. ધંધામાં કુલ મૂડીરોકાણ ₹ 80,000 છે. ધંધામાં 'ક' ના મૂડીરોકાણ કરતાં 'બ' નું મૂડીરોકાણ ₹ 5000 વધુ છે અને 'અ' નું મૂડીરોકાણ 'બ' કરતાં ₹ 10,000 વધારે છે. મૂડીનાં પ્રમાણમાં કુલ નફો ₹ 64,000 વહેંચવાનો થાય તો 'અ' ને કેટલો નફો મળશે ?

(A) ₹ 16,000 (B) ₹ 20,000 (C) ₹ 28,000 (D) ₹ 32,000

80. 40 વિધાર્થીઓના એક વર્ગમાં ફ્રેંચ અને જર્મન બંને ભાષાને વિષય તરીકે પસંદ કરેલ હોય તેવા 12 વિદ્યાર્થીઓ છે. જ્યારે જર્મન ભાષાને વિષય તરીકે પસંદ કરી હોય એવા 22 વિદ્યાર્થીઓ છે. જો વિદ્યાર્થીઓને તે બે પૈકી ઓછામાં ઓછી એક ભાષા વિષય તરીકે પસંદ કરવાની ફરજિયાત હોય તો માત્ર એકલી ફ્રેંચ ભાષા લેનાર વિદ્યાર્થીઓ કેટલા ?

(A) 30 (B) 18 (C) 10 (D) 8

81. જો બે સંખ્યાઓ X અને Y એ ત્રીજી સંખ્યા Z ના અનુક્રમે 20% અને 50% જેટલી વધારે હોય, તો X એ Y ના કેટલા ટકા થાય ?

(A) 12% (B) 40% (C) 60% (D) 80%

82. નીચે આપેલ આકૃતિ મુજબ કાગળને વાળ્યા/ફોલ્ડ કર્યા બાદ આકૃતિ મુજબ કાપ મૂકવામાં આવે અને ત્યારબાદ કાગળને ખોલવામાં આવે તો, કાગળ કેવું દેખાશે તે આપેલ વિકલ્પમાંથી પસંદ કરો.



(A)  (B)  (C)  (D)

83. H એ C સાથે કેવી રીતે સંબંધિત છે?

I. M ને બે દીકરીઓ છે. તેમાંથી એક Z છે, જેણે H સાથે લગ્ન કર્યા છે.

II. C એ Y ની માતા છે અને Z ની નાની બહેન છે.

(A) એકલા વિધાન I માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે એકલા વિધાન II માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

(B) એકલા વિધાન II માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે એકલા વિધાન I માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

(C) એકલા વિધાન I માં અથવા એકલા વિધાન II માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

(D) બંને વિધાનમાં આપેલ માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે જરૂરી છે.

84. Match antonyms :

1)	Cautious	a)	Raze
2)	Abundance	b)	Scarcity
3)	Fertile	c)	Rash
4)	Make	d)	Barren

(A) 1-a, 2-b, 3-c 4-d (B) 1-d, 2-b, 3-a, 4-c

(C) 1-c, 2-b, 3-d, 4-a (D) 1-b, 2-d, 3-a, 4-c

85. P અને Q ની પાસે 3 : 2 ના ગુણોત્તરમાં રૂપિયા છે. જો P, Q ને રૂ. 2 આપે તો તેમની પાસેના રૂપિયા 1 : 1 ના ગુણોત્તરમાં વહેંચાઈ જાય છે. તો તેમની પાસે શરૂઆતમાં કેટલા રૂપિયા હશે ?

(A) રૂ. 14 અને રૂ. 10 (B) રૂ. 8 અને રૂ. 4

(C) રૂ. 12 અને રૂ. 8 (D) રૂ. 10 અને રૂ. 6

86. 100 કારીગરો એક કામ 50 દિવસમાં પૂર્ણ કરે છે. તેઓએ કામ શરૂ કરી 10 દિવસ કામ કર્યા બાદ આ કામ ઝડપથી પૂર્ણ થાય તે માટે વધુ 100 કારીગરો રોકવામાં આવે છે, તો બાકીનું કામ પૂર્ણ કરવા કેટલા દિવસ લાગશે ?

(A) 15 દિવસ (B) 20 દિવસ (C) 25 દિવસ (D) 30 દિવસ

87. G એ Mનો પતિ છે. M એ Yની ભાભી છે. Y એ દંપતી O અને Xનો પુત્ર છે, તો O એ G સાથે કયા સંબંધથી જોડાયેલો છે ?

(A) પિતા (B) પુત્ર (C) માતા (D) માહિતી અપૂરતી છે.

88. અનુરાગ પોતાની ઝડપ 5 કિ.મી. /કલાક જેટલી વધારે તો તેને ઓફિસ પહોંચતા રોજ કરતાં 20 મિનિટ ઓછો સમય લાગે છે. પરંતુ જો તે પોતાની ઝડપ 5 કિ.મી. /કલાક જેટલી ઘટાડે તો તેને ઓફિસ પહોંચતાં રોજ કરતાં 30 મિનિટ વધારે સમય લાગે છે, તો તેની રોજની ઝડપ કેટલી હશે ?

(A) 20 કિ.મી. /કલાક (B) 30 કિ.મી. /કલાક (C) 40 કિ.મી. /કલાક (D) આપેલ પૈકી કોઈપણ નહીં

89. Which of the following is the closest synonym of Furious?

(A) Enraged (B) Calm (C) Peaceful (D) Gentle

90. પ્રિતીને અરુણ નામનો પુત્ર છે. રામ પ્રિતીનો ભાઈ છે. નીતાની પુત્રી રીમા છે. નીતા રામની બહેન છે. અરુણને રીમા સાથે શું સંબંધ હશે?

(A) પિતરાઈ ભાઈ (B) ભાઈ (C) ભત્રીજો (D) મામા

91. નીચે આપેલ વિકલ્પોમાંથી સાચી જોડણી શોધો.

(A) દક્ષીણામૂર્તિ (B) સુબોધિની (C) ગ્રહપતી (D) દુર્બુદ્ધિ

92. Coming out or resulting from a natural tendency is called.....

(A) Income (B) Co-operation (C) Restriction (D) Spontaneous

93. Change the voice : He was not given admission by them.

(A) They did not give him admission. (B) They were not given admission by him.

(C) Admission did not be given to him by they. (D) Them were not given admission by him.

94. આજે રાકેશનો જન્મ દિવસ છે. એક વર્ષ પછી તેની ઉંમર, તેની આજથી 10 વર્ષ પહેલાની ઉંમર કરતાં બમણી હોય, તો તેની આજની ઉંમર કેટલી હશે ?

(A) 17 વર્ષ (B) 18 વર્ષ (C) 19 વર્ષ (D) આપેલ પૈકી કોઈપણ નહીં

95. આજથી 10 વર્ષ પહેલાં એક માણસની ઉંમર તેના પુત્રની તે સમયની ઉંમર કરતાં 4 ગણી હતી. જો તેની હાલની ઉંમર 58 વર્ષ હોય તો તેના પુત્રની હાલની ઉંમર કેટલી હશે ?

(A) 16 વર્ષ (B) 18 વર્ષ (C) 20 વર્ષ (D) આપેલ પૈકી કોઈપણ નહીં

96. એક કર્મચારીનો માસિક પગાર રૂ. 2084 થી વધીને રૂ. 2605 થયો. તો એ કર્મચારીના પગારમાં કેટલા ટકાનો વધારો થયો ?

(A) 25% (B) 5.21% (C) 40% (D) 4%

97. ત્રણ વર્ષ પહેલાં એક કુટુંબના 5 સભ્યોની સરેરાશ ઉંમર 18 વર્ષ હતી. જો એક બાળકના જન્મ બાદ તે કુટુંબના સભ્યોની સરેરાશ ઉંમર હાલ એટલી જ રહેતી હોય, તો બાળકની ઉંમર શું હશે ?

(A) 5 વર્ષ (B) 6 વર્ષ (C) 2 વર્ષ (D) 3 વર્ષ

98. 6 પુરુષ અને 8 છોકરા એક કામ 10 દિવસમાં કરે. 26 પુરુષ અને 48 છોકરા આ કામ 2 દિવસમાં કરે, તો 15 પુરુષ અને 20 છોકરા આ કામ કેટલા દિવસમાં પૂર્ણ કરે ?

(A) 4 દિવસ (B) 2 દિવસ (C) 5 દિવસ (D) 3 દિવસ

99. કોઈ બે સંખ્યાનો તફાવત 4 છે અને તેમના વર્ગનો તફાવત 56 છે. તો આ બંને સંખ્યાનો સરવાળો કેટલો થાય ?

(A) 10 (B) 12 (C) 14 (D) 16

100. Select single word for the following phrase :

"Person who eats human flesh"

(A) Veteran (B) Cantabile (C) Cannibal (D) Trencherman